સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સૈન્યના ખેતરેથી ટ્રક-તોપો ચરી જાય છે,
તો કોઇ મોબાઇલ-સ્પેક્ટ્રમ કરી જાય છે,
તરી જાય છે કમીશનથી કોઇ નિકાસમાં -
લૂંટાઇ જાય પ્રજા, નેતા ઘર ભરી જાય છે

હાઈકુ

'રોજગારીનું
'શોષણ'ને પહોંચાડ્યું-
છેક સુપ્રીમે..

કરાર-ફિક્સ
નિકળી જાય હાથી
અટકે પૂંછ

(સાવકી સરકારને ઉદ્યોગપતિઓ પર પ્રેમ-કર્મચારીઓ પ્રત્યે ક્રૂર)

ચિંતન

પરોપકાર શૂન્યસ્ય ધિંડ મનુષ્યસ્ય જીવીતમ્ ।
ધન્યાસ્તે પશવો યેષાં ચર્માપ્યુપકરિષ્યતિ ॥

'પરોપકાર વગરના મનુષ્યના જીવનને ધિક્કાર હજો. ખરેખર તો પશુઓ જ ધન્યવાદને પાત્ર છે જે જીવતાં તો મનુષ્ય પર ઉપકાર કરે છે પણ મૃત્યુ પછી તેમનું ચામડું પણ મનુષ્ય પર કોઇને કોઇ રીતે ઉપયોગી થઇ, પરોપકાર કરે છે.'

જિંદગીમાં ખાવું-પીવું-ઇંદ્રો કરવો-કમાણી કરી ખોટું-સાચું કરી ધન એકત્ર કરવું, મોજ-શોખ, ક્રાવા-દાવા અને જીવન જીવ્યાનો સંતોષ લઇ મરી જવું, અને વળી આપણે વય-અવસ્થાના પ્રમાણમાં-પંચોતર-નેવું-સો વર્ષ જીવ્યાનું 'પ્રમાણપત્ર' આપી બિરદાવીએ એ શું ખરેખર જીવન છે? પશુ-પંખી-જનાવરો પણ નિશ્ચિત શ્વાસ લઇ જીવે છે. એકબીજાનો શિકાર કરી પેટ ભરે છે અને મરે છે.

સાચું જીવન માનવધર્મ સમજી, સેવાકીય પ્રવૃત્તિ દ્વારા જન-સમાજ, રાષ્ટ્ર ને કેમ મદદરૂપ થઇ શકીએ, એવી પરોપકારી વૃત્તિમાં ધન-મન-તનનો ઉપયોગ કરી જીવનની ક્ષણે ક્ષણ એક 'ઇશ્વર-ભક્તિ' સમજી લોકસેવામાં જ પસાર કરવી જોઇએ. ભોગ ભોગવવા એ જિંદગી નથી, તેન ત્યક્તેન ભુંજીયા - સમાજ માટે ત્યાગ કરી ભોગ ભોગવવામાં આનંદ છે એ જ સાચું જીવન છે.

સુવિચાર

- મારી તો તમને સલાહ જ છે લગ્ન કરવાં જ, જો સારી પત્ની મળી ગઇ તો-તો સુખી થવાના જ, પણ કોઇ કર્કશા મળી તો તમે ફિલસૂફ-ચિંતક થઇ જશો - **બોદેલીયર**
- જેવી રીતે સાત્ત્વિક ખોરાક શરીરને શક્તિ અને તંદુરસ્તી આપે છે તેમ પ્રાર્થના મનને શુદ્ધ કરી સાત્ત્વિક વિચાર શક્તિ આપે છે - **સાંઇબાબા**
- જે કુળમાં માતા-પિતા સંસ્કારી અને શિક્ષકો વિદ્વાન હોય, ત્યાં સંતાનોને ત્રિપાત નડતો નથી, સુખી રહે છે - **અથર્વવેદ**
- સંતોષ રૂપી અમૃતથી તૃપ્ત માનવીને સુખ-શાંતિ મળે છે, ધન લોભી જે સતત દોડતો રહે તેને નહીં - **વિષ્ણુગુપ્ત**
- ડાહ્યા માણસો વિદ્યારૂપી તીર્થમાં, સાધુ-સજ્જન સત્યરૂપી તીર્થમાં, મલિન મનવાળા ગંગારૂપી તીર્થમાં, યોગીઓ ધ્યાનરૂપી તીર્થમાં, રાજાઓ શસ્ત્રરૂપી તીર્થમાં, ધનિકો ધનરૂપી તીર્થમાં, કુલવધૂઓ લજ્જારૂપી તીર્થમાં પોતાના પાપ ધૂએ છે - **કાલિદાસ**
- મરણ સુધારવું હોય તો પ્રતિક્ષણ સુધારજો - **ડૉગરેજી**

બોધકથા

ડોગલસ પેજર્સ નામના વિદ્વાને કહ્યું છે કે, મિત્ર એ સર્વશ્રેષ્ઠ સાથીદાર છે. એનાથી ઉત્તમ કોઇ જ સાથીદાર નથી. જીવનનો સહાયક, સાચો સલાહકાર, આશ્રય સ્થાન છે.

બુધ્ધ ચરિતમાં અશ્વઘોષ કહે છે કે, મિત્રની ત્રણ જવાબદારી છે, મિત્રનું અહિત થતું હોય તો એમાંથી બચાવવો, હિત થાય એવું કરવું, અને વિપત્તિમાં સાથ આપવો. સંત તુલસીદાસ 'રામચરિત'માં કહે છે, ધીરજ, ધર્મ, 'મિત્ર' અરૂ નારી - આપદકાલ પરિખેઉ ચારી- જીવનમાં મિત્ર ન હોય ત્યારે પાછલી અવસ્થામાં મોટી ખોટ સાલે છે.

હેન્રી ફોર્ડ મોટા ઉદ્યોગપતિ-૧૯૦૩માં પેટ્રોલથી ચાલતી ગાડીની શોધ કરી. કરોડો-અબજોપતિ એકવાર, પાછળી અવસ્થામાં ઉદાસ ચહેરે બેઠા હતા.

એક પત્રકારે તેમને પૂછ્યું, વિશ્વમાં બધા જ પ્રકારનાં સુખ-સુવિધા-સૌભાગ્ય તમારી સેવામાં હાજર છે છતાં આજે આપના ચહેરા પર ઉદાસી કેમ છવાઇ છે?

હેન્રી ફોર્ડ ઉદાસીમાં સ્વરને ભીંજવી બોલ્યા : 'જ્યારે મિત્રો બનાવવાનો સમય હતો ત્યારે હું કમાણીમાં પડ્યો હતો. પણ આજ એ સર્વસ્વ ધન ન્યોછાવર કરતાં પણ એવો નજીકનો મિત્ર મારી પાસે નથી જેની પાસે હું મારા હૃદયનો ઉભરો ઠાલવી શકું.'

નૈનીતાલ : યે કહાં આ ગયે હમ...

પ્રવાસની મોસમ આવી ગઇ છે, રેલ્વેનાં ડબ્બાઓમાં, ટ્રાવેલ એજન્સીઓની બસોમાં, વિમાનોમાં, હિલ સ્ટેશનો - દરિયા કિનારાઓ - ટાપુઓ પરની હૉટેલોમાં... માઇગ્રેટરી બર્ડઝની જેમ પ્રવાસીઓ ઊડી રહ્યાં છે... ચારે તરફ!

હિન્દુસ્તાન પર કુદરત મેહરબાન છે અને જીવન અને સ્વરૂપોનાં અહીંયા અદ્‌ભુદ રંગ છે. કુદરતનાં બેમિસાલ અને આંખોને એક સકૂન આપે એવી ખૂબસૂરતીને જોવી હોય તો એ છે હિમાલય...! ઉત્તર-પશ્ચિમથી પૂર્વ સુધી ૨૫૦૦ કિ.મી.ની લંબાઇમાં ફેલાયેલો આ હિમાલય ત્રણ ભૌગોલિક ખંડોમાં વિભાજિત કરી શકાય - ધ ગ્રેટર હિમાલય (હિમાદ્રી) લેસર હિમાલય અને શિવાલિક, લેસર હિમાલય કે હિમાચલ હિમાલય એ સ્થાન છે જે ગ્રેટર હિમાલય કે હિમાદ્રીની દક્ષિણમાં આવેલું છે અને આ જ પર્વતમાળાઓની વચ્ચે આવેલા છે શિમલા, મસૂરી, નૈનીતાલ...!

...અને આજે કૉફી હાઉસની કૉફીની ચૂસ્કીઓ નૈનીતાલનાં પહાડો અને તળાવોની વચ્ચે બેસીને લેવાની છે... સો પૅક યૉર બેગ્સ અને ગેટ રૅડી ફૉર કૉફી એટ નૈનીતાલ.

ધ કૉફી હાઉસ

- ઉત્સવ પરમાર

નૈનીતાલ જેવા વિશે કહેવાય છે કે શાહજહાંપુર, યુ.પી.નાં એક પ્રવાસમાં શૌખીન અંગ્રેજ વ્યાપારી પી. બેરોનએ શોધી કાઢી, તારીખ હતી ૧૮ નવેમ્બર ૧૮૪૧ પરંતુ પાછળથી 'ધ આગ્રા ટાઇમ્સ'માં બેરન પોતે કબૂલ કરે છે તેની પહેલાં કુમાઉ ડિસ્ટ્રીક્ટનો કમિશ્નર ટ્રેઇલ આ નવી જગ્યાની શોધ કરી ચૂક્યો હતો. નૈનીતાલ કુમાઉ ડિસ્ટ્રીક્ટ (૨૮° ૪૪'N થી ૩૦° ૪૯' અને ૭૮° ૪૫' થી ૮૧° ૧E') ની અંદર આવેલું છે...

માનસ, સ્કંદપુરાણમાં નૈનીતાલનો ઉલ્લેખ ત્રિઋષિ સરોવર તરીકેનો છે - આ ત્રણ ઋષિ હતા. અત્રિ, પુલત્સ્ય અને પુલહ, જે તપસ્યા માટે નૈનીતાલની વાદીઓમાં આવ્યા હતા. તરસ્યા થયેલા આ ઋષિમુનિઓએ પવિત્ર માનસરોવરને પ્રાર્થના કરી અને તેમને એક ખાડો ખોદવાની પ્રેરણા મળી, જેમાંથી ભરપૂર પાણી નીકળ્યું અને, એક સરોવર રચાયું જો ત્રિઋષિ સરોવર જે પાછળથી નૈનીતાલ તરીકે જાણીતું થયું.

આવી જ બીજી દંતકથા દક્ષની પુત્રી સતિની છે, જે પિતાની ઇચ્છા વિરૂધ્ધ શિવ સામે વિવાહ કરે છે. ક્રોધિત દક્ષ એક 'યજ્ઞ' રાખે છે. જેમાં શિવ અને સતી સિવાય તમામ નિમંત્રિત હોય છે. અપમાનથી દુઃખી થયેલી સતી એ જ યજ્ઞની આગમાં કૂદી જાય છે અને એનાં સળગતાં શરીરને લઇને શિવ, સતીને બચાવવા કૈલાશ લઇ જાય છે અને રસ્તામાં તેની ડાબી આંખ- નૈન નીચે પડે છે અને એક સરોવર રચાય છે - નૈનીતાલ!

કુમાઉ ડિસ્ટ્રીક્ટની સ્થાપના પછી પણ આ વિસ્તારનો ૧૮૩૯ પૂર્વેનો ઇતિહાસ મળતો નથી પરંતુ કયારેક ભરવાડો તેમના ધણ ચરાવવા અહીં લાવતા અને એક નાનું મંદિર હતું જયાં વાર્ષિક મેળો થતો. ત્યારે લોકો શ્રધ્ધાપૂર્વક સરોવરમાં પાણીમાં નહાતા અને સૂર્યાસ્ત પૂર્વે પોતાનાં ગામમાં પાછા જતાં રહેતા... બ્રિટીશરો આ સ્થાનથી અજાણ હતા પણ જિમ કૉર્બેટ 'માય ઇન્ડિયા'માં નોંધે છે. તેમ કોઇ બ્રિટીશ અધિકારી એક સ્થાનિક માણસના માથા પર ૬૦૦ પાઉન્ડનો પથ્થર રખાવીને નૈનીતાલ સુધી પહોંચે છે,

અને ત્યારબાદ બદ્રીનાથ - કેદારનાથનાં પ્રવાસથી પાછો ફરતો પી.બેરન પણ ૧૮ નવેમ્બર ૧૮૪૧ માં પહોંચે છે અને ત્યારબાદ દોર શરૂ થાય છે નૈનીતાલની ખ્યાતિનો...

નૈનીતાલની સૌપ્રથમ ખબર કલકત્તાથી પ્રકાશિત 'ઇંગ્લિશ મેન' માં છપાય છે અને બહારની દુનિયાને પરિચય થાય છે. 'પિલગ્રિમ' જેવા પેન-નેમ (તખ્ખલુસ) નીચે બેરન 'આગ્રા અખબાર' માં નૈનીતાલની ખૂબસૂરતી વિશે લખે છે, 'પહાડોની વચ્ચે આવેલા મેદાનો પરની એ જગ્યા, જયાં પાણી કાચ જેવું સાફ છે...' આવા વર્ણનાત્મક લેખોનો પ્રભાવ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનાં સરકાર બહાદુર પર પડ્યો અને નૈનીતાલમાં એક નગર વસાવવાનો વિચાર સ્ફૂર્યો...

૯ માર્ચ, ૧૮૪૨ માં રોજ બેરને કંપની પાસે જમીનની માંગણી કરી અને તેને પ્લૉટ મળ્યો. સિનિયર આસિટન્ટ કમિશ્નરનાં સત્તા ક્ષેત્રમાં નૈનીતાલમાં જમીન ફાળવણીની બાબત આવી ભાવ હતો ૨ રૂપિયા પ્રતિ એકર અને વ્યક્તિગત ફક્ત ૭ એકર જમીન જ લીઝ પર લઇ શકાતી... ૧૮૪૭ સુધીમાં નૈનીતાલ એક પ્રખ્યાત હિલ સ્ટેશન બની ચૂક્યું હતું...!!

(ક્રમશઃ)

- ch9723367947@yahoo.com

પ્રયત્નમાં આશા, ઉત્સાહ અને સંકલ્પ ભળે એટલે એ ધગશનું રૂપ ધારણ કરે છે

જીવનની કોઇ પણ સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે અથવા કોઇ પણ કાર્યમાં સફળતા મેળવવા માટે મુખ્ય બે પરિબળ કામ કરે છે - પ્રેરણા અને પ્રયત્ન. કોઇ પણ કાર્ય માટે પ્રેરણા જ ન હોય, અંતઃસ્ફુરણા જ જો ન હોય તો અથાગ પ્રયત્ન પણ કામ ન આવે. એમ પ્રેરણા પણ પ્રયત્ન વિના વાંઝણી જ છે. અને એકવાર પ્રેરણાનો ઢોળ ચડે એટલે પ્રયત્નમાં અનેરી ચમક આવી જાય. પ્રયત્નમાં આશા, ઉત્સાહ અને સંકલ્પ ભળે એટલે એ ધગશનું રૂપ ધારણ કરે છે. એક કામનો વિચાર કરવો અને એને સફળ કરવા પ્રયત્ન કરવ, સતત પ્રયત્ન કરવો... સિધ્ધિ ન મળે ત્યાં સુધી મંડ્યા રહેવું એમાં જ કામની સફળતાનું રહસ્ય છે. એકવાર કામની આવી ધગશ જાગ્યા પછી કોઇની તાકાત નથી કે એને અટકાવી શકે, એમાં અવરોધ ઉત્પન્ન કરી શકે. ધગશને કોઇ જ આડશ નડતી નથી. અનેક ઉદાહરણો છે આ વાતને સમજવા માટેનાં...

ધગશને કોઇ આડશ નડતી નથી

- હર્ષદ પ્ર. શાહ

દક્ષિણ ભારતમાં એનું ઘર. ઘર પાસે જ નિશાળ. પિતાએ એને એ નિશાળમાં ભણવા મૂક્યો. પણ ભાઇસાહેબને ભણવાનું ગમે જ નહીં. ગમે તો એક શરૂઆતની પ્રાર્થના ગમે. પછી ગણિત અને ભાષાના પાઠમાંથી ગાપચી મારી દે.

નિશાળમાં નીકળીને જાય સીધો એક સંગીતશાળામાં ચોગાનમાં. વેંકટ રામપ્પા નામના એક શિક્ષક અહીં થોડાક વિદ્યાર્થીઓને સંગીત શીખવે. આ છોકરાને અંદર દાખલ થવાની રજા તો કયાંથી મળે? એ કાં આ શાળાનો વિદ્યાર્થી નહોતો. એટલે એ તે બોસી જાય શાળામાં પગથિયા પર અને ગુરુજીના પાઠ સાંભળે. પછી ગામની બહાર જઇને ગુરુજીનાં ચીધેલાં રાગ-રાગિણી ગાવાનો પ્રયત્નો કરે.

વરસ પુરું થયે નિશાળમાં પરીક્ષા આવે. છોકરો નાપાસ થાય. એના બાપુને ચિંતા થાય કે છોકરો દર વરસે નાપાસ કેમ થાય છે? એમણે તપાસ કરાવી તો ખબર પડી કે ભાઇસાહેબ તો નિશાળમાંથી નાસીને પેલી સંગીત શાળાએ જઇને એના ઓટલે બેસે છે. બાપુ પહેલાં તો બહુ ગુસ્સે થયા. પણ પછી એમણે જ છોકરાનો રસ પારખ્યો અને એને સંગીત શાળામાં દાખલ કરી દીધો.

આ જ છોકરો મોટો થઇને પ્રખ્યાત સંગીતકાર ત્યાગરાજ થયો. દક્ષિણ ભારતમાં પ્રચલિત કર્ણાટકી સંગીતશૈલીના એ પિતા ગણાય છે.

પ્રયત્નનું અનુપમ ઉદાહરણ કરોળિયો છે. થાકે જ નહીં, જયાં સુધી પોતાનું ઘર - જાળું બને નહીં ત્યાં સુધી એને જંપ વળતો નથી. ચકલાં ને કબૂતરો પણ જયાં સુધી સલામત જગ્યાએ પોતાનું ઘર બનતું નથી ત્યાં સુધી જંપતાં નથી. એમનો ઉદ્યમ નિરંતર ચાલતો જ રહે છે. માણસને છોડીને બીજા જીવોની પ્રેરણા તો સીમિત છે પણ એમના પ્રયત્નો અસીમ છે. માણસ પાસે તો મન છે, વિચાર છે, બુધ્ધિ છે, પ્રેરણા છે તો પ્રયત્નો વામણા શાને? અને જેમનો પ્રયત્ન પ્રયત્નમાંથી ધગશ બની જાય છે તે તો સિધ્ધિના દ્વારે પહોંચી જ જાય છે.

નામ અને લીગશન કારિયા. ૧૯૩૮માં એનો જન્મ. આફ્રિકાના પૂર્વ કાંઠે આવેલાં માલાવી દેશ એનું વતન. બહુ ગરીબ દેશ. ત્યાં ગણીગાંઠી નિશાળો અને બે-પાંચ હાઇસ્કૂલો, કૉલેજનું તો નામનિશાન નહીં.

કારિયા એક નિશાળમાં ભણ્યો. માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું. પણ હવે શું? આગળ ભણવાની ઘણી તમન્ના. ભણવામાં પણ હોંશિયાર. ગામના કોઇક વડીલે કહ્યું કે અમેરિકામાં સારી કૉલેજો છે... ત્યાં તેને સારું ભણતર મળશે. કોઇ મદદગાર પણ મળી જશે. અમેરિકાનો તો ઘણા ધનવાન હોય છે.

કારિયા એક સવારે નાસ્તાની પોટલી બાંધીને ચાલી નીકળ્યો. દેશમાં ગાડી તો હતી નહીં, બસ હતી. પણ એનું ભાડું કયાં? પગે ચાલતાં જ આગળ વધવાનું એણે નક્કી કરી નાખ્યું.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૪થી મે

- યુગોસ્લાવિયાના વડાપ્રધાન, દેશને વિદેશીઓની ઘૂંસરીમાં મુક્ત કરનાર સ્વતંત્ર યુગોસ્લાવિયાની પ્રગતિમાં સિંહ ફાળો આપનાર માર્શલ ટીટોનું તા. ૪-૫-૧૯૮૦માં અવસાન થયું.
- ૪-૫-૧૭૯૯માં ટીપુ સુલ્તાનનું અવસાન થયું.
- ૧૯૪૫ માં ભારતની પ્રથમ ટપાલ ટીકીટ બહાર પડી.
- ૪-૫-૧૯૭૯ માં ભૂટ્ટોને ફાંસી આપવામાં આવી.
- તા. ૧૨-૨-૧૮૭૫ માં જન્મેલા દીનબંધુ એન્ડ્રુઝની પુણ્યતિથિ.

વડોદરા જીતનાર પ્રથમ મરાઠા સરદાર કોણ હતા?

વિષય : ગુજરાતનો ઇતિહાસ

(૧) ગુજરાતમાં રાષ્ટ્રકૂટોની રાજધાની કઇ હતી?
(અ) વડોદરા (બ) ખેડા (ક) નાસિક (ડ) ભૃગુકચ્છ
(૨) ગિરનાર પાસેનું સુદર્શન તળાવ કોણે બંધાવ્યું હતુ?
(અ) સમુદ્રગુપ્તે (બ) સ્કંદગુપ્તે (ક) પુષ્યગુપ્તે (ડ) અશોકે
(૩) સિધ્ધરાજે પ્રથમ વિજય ક્યાં મેળવ્યો હતો?
(અ) જૂનાગઢ પર વિજય (બ) બર્બરક પર વિજય
(ક) માલવા પર વિજય (ડ) સોરઠના રાજાને હરાવ્યા
(૪) મોઢેરાનું વિખ્યાત સૂર્યમંદિર કોના સમયમાં બધાયું હતું?
(અ) વનરાજ ચાવડા (બ) મૂળરાજ સોલંકી
(ક) ભીમદેવ સોલંકી(ડ) સિધ્ધરાજ જયસિંહ
(૫) વડોદરા રાજયના છેલ્લા રાજવી કોણ હતા?
(અ) ફતેસિંહરાવ ગાયકવાડ (બ) પ્રતાપસિંહ ગાયકવાડ
(ક) સયાજીરાવ ગાયકવાડ (ડ) અંશુમન ગાયકવાડ
(૬) કર્ણદેવ પટેલો ગુજરાતમાં શા માટે જાણીતો છે?
(અ) મહંમદ ગઝની સામે થયો (બ) રૂદ્રમાળ બંધાવ્યો
(ક) સોમનાથનો જિર્ણોધ્ધાર (ડ) કર્ણાવટી નગરીની સ્થાપના કરી
(૭) વડોદરા જીતનાર પ્રથમ મરાઠા સરદાર કોણ હતા?
(અ) સયાજીરાવ (બ) ફતેસિંહરાવ ગાયકવાડ (ક) દયાજીરાવ (ડ) ઉદમસિંહ
(૮) ગુજરાતની રાજમાતા મીનળદેવી ક્યા પ્રદેશની કુંવરી હતી?
(અ) લંકા (બ) કર્ણાટક
(ક) કેરલ (ડ) મહારાષ્ટ્ર
(૯) મહંમદ બેગડાએ સૌરાષ્ટ્રમાં કયુ નગર વસાવ્યુ હતુ?
(અ) મહેમદાવાદ (બ) જાફરાબાદ
(ક) મુસ્તફાબાદ (ડ) અહમદનગર
(૧૦) ગુજરાતમાં મરાઠાઓની કાયમી સત્તા ક્યા શહેરમાં રહી હતી?
(અ) સુરત (બ) અમદાવાદ (ક) વડોદરા (ડ) સુરત
(૧૧) ગુજરાતમાં સૌ પ્રથમ ક્યા મુગલ બાદશાહે સત્તા સ્થાપી હતી?
(અ) અકબર (બ) હુમાયુ (ક) જહાંગીર (ડ) શાહજહાં
(૧૨) ગિરનાર પર્વતનું પૌરાણિક નામ શું છે?
(અ) ગિરિનગર (બ) આનર્ત (ક) રૈવતક (ડ) શર્યાન્તિ
(૧૩) બાદશાહ અકબરના સમયમાં કઇ સંવત શરૂ થઇ હતી?
(અ) હીજરી સંવત (બ) અકબરી સંવત
(ક) ઇલાહી સંવત (ડ) જૈન સંવત
(૧૪) ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા કોણ હતો?
(અ) કર્ણદેવ વાઘેલા (બ) વિસલદેવ વાઘેલા
(ક) અર્જુનદેવ વાઘેલા (ડ) સારંગદેવ વાઘેલા
(૧૫) સોલંકીયુગ દરમિયાન ગુજરાતમાં ક્યો ધર્મ ફેલાયો હતો?
(અ) જૈન (બ) બૌધ (ક) શીખ (ડ) વૈષ્ણવ

● વિવિધા ●

વિષય :- પૃથ્વીની પરાકાષ્ઠાઓ

(૧) સૌથી મોટો ખંડ : એશિયા (ક્ષેત્રફળ - ૪,૪૨,૫૦,૦૦૦ ચો.કિ.મી)
(૨) સૌથી મોટો ઘંટ : ઝાર કોલોકોલ, મોસ્કો (રશિયા), વજન ૧૯૬ ટન
(૩) સૌથી મોટા ટાપુ : ગ્રીનલેન્ડ (ક્ષેત્રફળ - ૨૧,૭૫,૬૦૦ ચો. કિ.મી.)
(૪) સૌથી મોટો ડેલ્ટા પ્રદેશ : બ્રહ્મપુત્રાનો ત્રિકોણ પ્રદેશ (સુંદરવન : ક્ષેત્રફળ - ૨૦૭૨૦ ચો. કિ.મી)
(૫) સૌથી મોટો દ્વિપકલ્પ : ભારત (ક્ષેત્રફળ - ૩૨,૬૮,૦૯૦ ચો.કિ.મી:
(૬) સૌથી મોટો નદી દ્વિપ : માજુલી (બ્રહ્મપુત્ર, અસમ)
(૭) સૌથી મોટો પાર્ક : નેશનલ પાર્ક ઓફ નોર્થ ઇસ્ટર્ન (ગ્રીનલેન્ડ : ક્ષેત્રફળ - ૯૭,૨૦૦ કિ.મી)
(૮) સૌથી મોટી નદી : એમેઝોન (દ. અમેરિકા)
(૯) સૌથી મોટુ પુસ્તકાલય : યુનાઇટેડ સ્ટેટ્સ લાઇબ્રેરી ઓફ કોંગ્રેસ વોશિંગ્ટન (૧૦.૧ કરોડ પુસ્તકો)
(૧૦) સૌથી મોટું દેવળ : સેન્ટ પીટર ચર્ચ (વેટીકન સીટી, રોમ)
(૧૧) સૌથી મોટી મસ્જિદ : મરડેકા મસ્જિદ (ઇન્ડોનેશિયા)
(૧૨) સૌથી મોટું રણ : સહારા (ઉ. આફ્રિકા)
(૧૩) સૌથી મોટું સરોવર (મીઠા પાણીનું) : સુપિરિયર (કેનેડા), ક્ષેત્રફળ - ૮૨,૩૫૦ ચો.કિ.મી.
(૧૪) સૌથી મોટું સરોવર (ખારા પાણીનું) : કાસ્પિયન (રશિયા) ક્ષેત્રફળ - ૩, ૭૧૦૦૦ ચો. કિ.મી.
(૧૫) સૌથી મોટું સ્ટેડિયમ) સ્ટાહૂ, પ્રાગ, ચેક રિપબ્લિક, (૨,૪૦,૦૦૦ બેઠકો)

ગયા સપ્તાહનો જવાબ :-

સવાલ - બોફોર્સ તોપ સોદામાં ક્યા ભૂતપૂર્વ વડાપ્રધાન સંડોવાયા હોવાના આક્ષેપો થયા હતા?
જવાબ - રાજીવ ગાંધી

સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૩) નટુભાઇ દરજી : પેથાપુર
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) પટેલ આકાશ. જી : સે-૩૦

(અનુસંધાન પાના નં. ૭ પર)

કરોળિયો અને તાવ

એક હતો કરોળિયો. અને એક હતો તાવ. બંનેની પાક્કી દોસ્તી. એક વખત તાવ કઠિયારાના શરીરમાં દાખલ થયો. પરંતુ કઠિયારો તો ખૂબ મહેનતું. સવારમાં વહેલો ઊઠીને કુહાડો લઇને સખત પરિશ્રમ કરી લાકડાંનો ભારો કાપીને લાવતો. પરસેવે રેબઝેબ થઇ જતો. તાવની ચિંતા કર્યા વગર સખત કામ કર્યા કરે, તાવ મૂંઝાયો અને અધમૂઓ થઇ ગયો.

હવે જોઇએ કરોળિયાએ શું કર્યું? કરોળિયો રાજાના મહેલમાં ગયો. પણ રાજાના મહેલમાં ચોકસાઇ ખૂબ હતી. દિવસમાં બે થી ત્રણ વખત સાફસફાઇ થાય, ઝાપટ-ઝૂપટ થાય, ફિનાઇલથી પોતું થાય. એટલે માખી મચ્છરનું નામ-નિશાન ના મળે. એટલે કરોળિયો જીવતા જીવે અધમૂઓ થઇ ગયો. ભૂખે મરવા લાગ્યો.

હવે, બંને મિત્રો મળ્યા. બંને લેવાઇ ગયા હતા. બંને દુઃખી એટલે ભેગા થઇ. સમજદારી પૂર્વક રસ્તો કઢવા બેઠા. અને નક્કી કર્યું આપણે રહેઠાણ બદલીએ.

એટલે, રાજાના ઘરે તાવ ગયો. અને રાજાના શરીરમાં પ્રવેશ્યો કે સેવા-ચાકરી શરૂ થઇ ગઇ. દાસીઓ - ડૉકટરો - સેવામાં લાગી ગયા. ચીકુ - મોસંબી - સંતરાં - સફરજન - તાવને તો મોકળું મેદાન મળી ગયું. તાજો માજો થઇ ગયો.

આ બાજુ કરોળિયો કઠિયારાના ઘરે ગયો. કઠિયારો તો વહેલી સવારથી કામે વળગે. એટલે ઘરમાં ચોકસાઇ સહેજ પણ નહીં. કરોળિયોએ તો પોતાની લાળથી જાળું બનાવી દીધું. માખી-મચ્છર ફસાવા લાગ્યાં. કરોળિયો તો હૃષ્ટપુષ્ટ થઇ ગયો.

હવે બંને મિત્રો મળ્યા. તાજામાજા અને રાજી રાજી. પ્રેમથી મળ્યા અને કહે, 'વાહ, સમજદારીથી રહેઠાણ બદલ્યું તો આપણે ફાવી ગયા.'

- અફરોઝબેન હિરાણી

બાળકો પોતાની લાગણીઓ લખીને વ્યક્ત કરતાં શીખે તે હેતુથી, 'બાળકનો પિતાને પત્ર' - એ શિર્ષક અંતર્ગત પોતાના પિતા પ્રત્યેની સારી અને સાચી લાગણીઓને દર્શાવતો - રજૂ કરતો નાનકડો - ૮ થી ૧૦ લીટીનો પત્ર નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.

ચૂંટેલા પત્રોને આ કોલમમાં સમાવેશ કરી પ્રસિધ્ધ કરવામાં આવશે. પત્રમાં નામ - સરનામું - ધોરણ - શાળાનું નામ - ઉંમર - જણાવવા વિનંતી.

પત્ર લખીને મોકલવાનું સરનામું :
રેખા ભટ્ટ / પૂજા ભટ્ટ
૨૯૭/૨, સેકટર-૭એ, ચ-૨ નજીક,ગાંધીનગર.

વિશ્વની ભાષાઓ અને કવિઓ/સાહિત્યકાર

ગુજરાતી - પ્રેમાનંદ
હિન્દી - તુલસીદાસ
સંસ્કૃત - કાલિદાસ
મરાઠી - સંત જ્ઞાનેશ્વર
બંગાળી - રવિન્દ્રનાથ ટાગોર
અંગ્રેજી - શેક્સપિયર
ગ્રીક - હોમર
ઉર્દૂ - મિરઝા ગાલિબ
રશિયન - પુશ્કિન
ફારસી - શેખ સાદી
લેટિન - વર્જિલ
અરબી - ખલીલ જિબ્રાન

બાળ મિત્રો,

વેકેશન પડી ગયું છે, જાતજાતના સમરકેંપ અને શિબિરો ચાલી રહી છે. મનગમતી પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે અને મનગમતું કામ કરવા માટે આ સરસ તક છે.

તમને ગમતી કોઇ પણ રમત પસંદ કરી તેના કેંમ્પમાં જોડાઇ જાઓ. તમારા શરીરની સાથે સાથે માનસિક વિકાસ માટે રમતો અત્યંત જરૂરી છે. રમતમાં નિયમિત રીતે હાજરી આપી, સારામાં સારો દેખાવ કરવા પ્રયત્ન કરો. તમારા કોચ કે ટીમ લીડરને માન આપો અને તેમના આદેશનું પાલન કરો. સાથે સાથે તમારી સમગ્ર ટીમ સાથે મનમેળ કેળવીને જે તે રમત રમવાથી કુશળતા પણ આવશે, ટીમ સ્પિરીટ કેળવાશે અને નિર્ણય લેવાની એક સૂઝ કેળવાતી જશે. રમતોમાં આશાવાદી બનો કેમ કે, આશાવાદીની જ હંમેશાં જીત થાય છે.

૩૩૬૭ ની સંખ્યા ચમત્કારિક છે તેનું ગુણન ફળ જુઓ

૩૩૬૭	x	૩૩	=	૧૧૧૧૧૧
૩૩૬૭	x	૬૬	=	૨૨૨૨૨૨
૩૩૬૭	x	૯૯	=	૩૩૩૩૩૩
૩૩૬૭	x	૧૩૨	=	૪૪૪૪૪૪
૩૩૬૭	x	૧૬૫	=	૫૫૫૫૫૫
૩૩૬૭	x	૧૯૮	=	૬૬૬૬૬૬
૩૩૬૭	x	૨૩૧	=	૭૭૭૭૭૭
૩૩૬૭	x	૨૬૪	=	૮૮૮૮૮૮
૩૩૬૭	x	૨૯૭	=	૯૯૯૯૯૯

શોધ	શોધક	દેશ
ચશ્માં	બેન્જામીન ફ્રેંકલીન	નેધરલેન્ડ
થર્મોમીટર	ગેલેલિયો	ઇટાલી
એક્સ-રે મશીન	રોન્ટેજન	જર્મની
ટ્રેક્ટર	જોન ફોલિક	અમેરિકા
ટેલિફોન	ગ્રેહામ બેલ	અમેરિકા
રામન કિરણો	સી.વી.રામન	ભારત
ઍરોપ્લેન	રાઇટ બ્રધર્સ	અમેરિકા
રેડિયો	જી. માર્કોની	ઇટલી
સાઇકલ	કે. મેકમિલન	ઇંગ્લેન્ડ
લિફ્ટ	એલિશા ઑટીસ	અમેરિકા